RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 49 Date: 10.12.2023 Sunday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## એમપીના આગામી મુખ્યમંત્રીનું સસ્પેન્સ સોમવારે સમાપ્ત થશે, મુખ્યમંત્રીના નામને મંજૂરી મળશે છે!

ભોપાલ,તા.૯

મધ્યપ્રદેશના આગામી મુખ્યમંત્રીને લઈને ચાલી રહેલ સસ્પેન્સ સોમવારે સમાપ્ત થવાની સંભાવના છે. ભારતીય જનતા પાર્ટીના ૧૬૩ નવા ચૂંટાયેલા ધારાસભ્યો સોમવારે, ૧૧ ડિસેમ્બરે કેન્દ્રીય નિરીક્ષકોની હાજરીમાં બેઠક યોજશે. આ બેઠકમાં નવા ચૂંટાયેલા ધારાસભ્યો આગામી મુખ્યમંત્રીનું નામ પણ પસંદ કરશે. પાર્ટીના એક અધિકારીએ આ જાણકારી આપી છે. અહીં, પાર્ટીએ શુક્રવારે હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરને મધ્યપ્રદેશમાં તેના ધારાસભ્ય પક્ષના નેતાની ચૂંટણી માટે તેના ઓબીસી 'મોરચા'ના વડા કે. લક્ષ્મણ અને સેક્રેટરી આશા લાકરાને કેન્દ્રીય નિરીક્ષકો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

મધ્ય પ્રદેશ બીજેપી મીડિયા સેલના વડા આશિષ અગ્રવાલે કહ્યું હતું કે 'કેન્દ્રીય નિરીક્ષક સોમવારે પાર્ટી ધારાસભ્યોની બેઠકની અધ્યક્ષતા કરશે.' તેમણે કહ્યું કે એકવાર મીટિંગનું શેડ્યૂલ નક્કી થઈ જાય પછી તેને મીડિયા સાથે શેર કરવામાં આવશે.પાર્ટીના સૂત્રોએ જણાવ્યું કે સોમવારે સાંજે ૫ થી ૭ વાગ્યાની વચ્ચે કોઈપણ સમયે બેઠક શરૂ થઈ શકે છે. તેમણે કહ્યું કે અગાઉ આ બેઠક રવિવારે યોજાવાની હતી, પરંતુ નિરીક્ષકોની વ્યસ્તતાને કારણે તેને સોમવાર સુધી મુલતવી રાખવામાં આવી હતી.

છેલ્લા ૧૯ વર્ષમાં આ ત્રીજી વખત છે જ્યારે ભાજપ મધ્યપ્રદેશમાં કેન્દ્રીય નિરીક્ષકને મોકલી રહ્યું છે. જો કે, પ્રથમ ઓગસ્ટ ૨૦૦૪માં, જ્યારે ઉમા ભારતીએ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું, ત્યારે પક્ષના વરિષ્ઠ નેતાઓ પ્રમોદ મહાજન અને અરુણ જેટલીને કેન્દ્રીય નિરીક્ષક તરીકે રાજ્યમાં મોકલવામાં આવ્યા. ત્યારબાદ, નવેમ્બર ૨૦૦૫ માં, જ્યારે બાબુલાલ ગૌરે રાજ્યના ટોચના હોદ્દા પરથી રાજીનામુ આપ્યું, ત્યારે રાજનાથ સિંહને નવા મુખ્ય પ્રધાન ચૂંટવામાં ધારાસભ્યોને મદદ કરવા માટે કેન્દ્રીય નિરીક્ષક તરીકે મોકલવામાં આવ્યા. જો કે તે સમયે શિવરાજ સિંહ ચૌહાણને વિધાયક દળના નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

આ વખતે ભાજપે વર્તમાન મુખ્યમંત્રી ચૌહાણને મુખ્યમંત્રીપદના ચહેરા તરીકે રજૂ કર્યા વગર જ વિધાનસભાની ચૂંટણી લડી હતી. આ ૨૦ વર્ષ પછી થયું છે કે પાર્ટીએ મધ્યપ્રદેશમાં ચૂંટણી પહેલા તેના મુખ્યમંત્રી પદના ઉમેદવારનું નામ જાહેર કર્યું ન હતું. તમને જણાવી દઈએ કે પાર્ટીએ આ વખતે મધ્યપ્રદેશમાં કોઈ ચહેરા પર ચૂંટણી લડી નથી પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામ પર પાર્ટીની આ રણનીતિ સફળ પણ રહી છે.

પાર્ટીના આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વખતે ભાજપ ચૌહાણના સ્થાને કેટલાક અન્ય પછાત વર્ગ (ઓબીસી) નેતા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે, જેઓ ૧૫ મહિનાના અંતરને પાછળ છોડીને ભારતમાં ભાજપના સૌથી લાંબા સમય સુધી સેવા આપતા મુખ્ય પ્રધાન રહ્યા છે. ચૌહાણ મધ્યપ્રદેશના સૌથી લાંબા સમય સુધી સેવા આપતા મુખ્યમંત્રી પણ છે.

આવી સ્થિતિમાં લોધી સમુદાયમાંથી આવતા પ્રહલાદ પટેલ મુખ્યમંત્રી પદની રેસમાં સૌથી આગળ બની શકે છે. તેઓ નરસિંહપુર વિધાનસભા બેઠક પરથી ચૂંટાયા છે અને તેમણે કેન્દ્રીય મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું છે. લોધી ઓબીસી સમુદાયનો ભાગ છે.મધ્યપ્રદેશમાં ઓબીસીની વસ્તી ૪૮ ટકાથી વધુ છે તે હકીકતને જોતાં, ૨૦૦૩ થી ભાજપ નેતૃત્વ રાજ્યમાં ટોચના હોદ્દા માટે ઓબીસી નેતાઓ સાથે જાય છે. અગાઉ તેણે ઉમા ભારતીને મેદાનમાં ઉતાર્યા હતા, જેઓ લોધી છે.એક વર્ષ બાદ, પાર્ટીએ અન્ય ઓબીસી, બાબુલાલ ગૌર અને પછી ૨૦૦૪માં ચૌહાણ પર દાવ લગાવ્યો હતો.

પાર્ટીના આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર, કૈલાશ વિજયવર્ગીય અને બીજેપીના પ્રદેશ પ્રમુખ વીડી શર્મા અન્ય સંભવિત ઉમેદવારોમાં સામેલ છે. નરેન્દ્ર તોમરનું નામ પણ મુખ્યમંત્રી પદ માટે ચર્ચામાં છે, જેઓ દિમાનીમાંથી ચૂંટાયા છે અને કેન્દ્રીય મંત્રી પદેથી રાજીનામું આપી દીધું છે. ચાર મોટા નેતાઓ પટેલ, તોમર, વિજયવર્ગીય અને વીડી શર્મા નવી દિલ્હીમાં ગૃહ પ્રધાન અને ભાજપના મુખ્ય વ્યૂહરચનાકાર અમિત શાહને મળી ચૂક્યા છે. તેઓ ભાજપ પ્રમુખ જેપી નડ્ડાને પણ મળ્યા છે. આ નેતાઓએ જાહેરમાં ઈન્કાર કર્યો છે કે તેઓ મુખ્યમંત્રી બનવાની રેસમાં છે.૧૭ નવેમ્બરે મધ્યપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં, જેનાં પરિણામો ગયા રવિવારે જાહેર થયાં હતાં, તેમાં ભાજપે ૨૩૦માંથી ૧૬૩ બેઠકો જીતી હતી.

## કર્ણાટકમાં સારી આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે પેટ્રોલ અને ડીઝલના ભાવ વધી શકે છે




બેંગ્લુરૂ,તા.૯

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની આગેવાની હેઠળની સરકારે રાજ્યની મોટી વસ્તીના સ્વાસ્થ્યને સુધારવા માટે એક મોટો નિર્ણય લીધો છે. આ નિર્ણય હેઠળ ગરીબી રેખા નીચે જીવતા લોકોને સ્વાસ્થ્ય વીમાની સેવાઓ આપવા માટે લેવાયેલા નિર્ણયની વ્યાપક ચર્ચા થઈ રહી છે. જો કે, આ નિર્ણય એટલા માટે પણ હેડલાઈન્સમાં છે કારણ કે તેના કારણે રાજ્યમાં ડીઝલ અને પેટ્રોલના ભાવ વધી શકે છે.

હકીકતમાં, રાજ્ય સરકાર ગરીબી રેખા નીચે (બીપીએલ) કાર્ડધારકોને વધુ સારી આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે રાજ્યમાં વેચાતા પેટ્રોલ અને ડીઝલ પર ૫૦ પૈસાથી ૧ રૂપિયા સુધીનો સેસ લાદવાનું વિચારી રહી છે. પ્રસ્તાવિત ટેક્સથી દર વર્ષે રૂ. ૧૨૦૦ કરોડથી રૂ. ૧૫૦૦ કરોડની આવક થવાની ધારણા છે, જે કર્ણાટકની બીપીએલ વસ્તીને આરોગ્ય વીમો પૂરો પાડવાનું સરળ બનાવશે.રિપોર્ટ્સ અનુસાર, શ્રમ મંત્રી સંતોષ લાડે કહ્યું, 'ટેક્સમાં વધારાની રાજ્યના ગ્રાહકો પર મામૂલી અસર પડશે. માત્ર ૫૦ પૈસાથી ૧ રૂપિયાના વધારાથી ગ્રાહકો પર કોઈ અસર નહીં થાય, પરંતુ લોકોના સહકારથી ગરીબ વર્ગની સારવારમાં મદદ મળશે. આ રીતે અમે રાજ્યમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોને ૨૫ લાખ રૂપિયાનું અકસ્માત અને આરોગ્ય કવરેજ પ્રદાન કરી શકીશું. સરકારની આ યોજનાના અમલીકરણથી રાજ્યના આશરે ૧ કરોડ ૮૦ લાખ બીપીએલ કાર્ડ ધારકો પ્રતિ વ્યક્તિ ૨૫ લાખ રૂપિયાનું આરોગ્ય અને અકસ્માત કવરેજ મેળવી શકશે. આવી સ્થિતિમાં, રાજ્યનું શ્રમ વિભાગ સરકારને આવી દરખાસ્ત સબમિટ કરવાનું કામ કરી રહ્યું છે.આજની વાત કરીએ તો કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં આજે પેટ્રોલની કિંમત ૧૦૧.૯૪ રૂપિયા પ્રતિ લીટર છે. જ્યારે ગયા શુક્રવારે એટલે કે ૮મી ડિસેમ્બરે બેંગલુરુમાં પેટ્રોલની કિંમત માત્ર ૧૦૧.૯૪ રૂપિયા પ્રતિ લીટર હતી. જ્યારે બેંગલુરુમાં આજે ડીઝલની કિંમત ૮૭.૯૭ રૂપિયા પ્રતિ લીટર છે.ડીઝલના ભાવ વધવાની સાથે રાશનથી લઈને પાણી સુધીની દરેક ચીજવસ્તુના ભાવ વધે છે. પેટ્રોલ અને ડીઝલના ભાવ સાથે દરેક વ્યક્તિનો સીધો સંબંધ છે. માલસામાનની અવરજવર અને પરિવહન માટેપેટ્રોલ અને ડીઝલ જરૂરી છે.

## કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સર્વ નેતૃત્વ – ૮૧મી પાંચ દિવસીય નિવાસી તાલીમ શિબિર યોજાઈ







કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પાંચ દિવસીય "૮૧મી સર્વ નેતૃત્વ" નિવાસી તાલીમ શીબીરનું આયોજન સર્વ વિદ્યાલય, કડી ખાતે તારીખ ૪ થી ૮ ડિસેમ્બર કરવામાં આવ્યું, જેમાં સર્વ વિદ્યાલયની ૧૫ વિવિધ કોલેજોમાથી ૭૦ વિધાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. પાંચ દિવસીય કેમ્પમાં માસ્ટર ટ્રેનર તરીકે દીપકભાઈ તેરૈયા અને ઉમાબહેન તેરૈયા ઉપસ્તિત રહી વિવિધ પ્રવૃતિઓ જેમ કે ગેમ્સ, શોર્ટ ફિલ્મ્સ, ગ્રુપ વર્ક અને સ્ટ્રક્ચરલ પ્રશ્નાવલી દ્વારા નેતૃત્વના વિવીધ પાસાઓને સાંકળી લેતા વિષયોની તાલીમ આપી હતી. તેમેને તાલીમાર્થીઓને અત્મનીરીક્ષણ કરી સ્વમૂલ્યાકન દ્વારા પોતાની શક્તિને ઓળખી તેનો યોગ્ય ઉપયોગ કરતા શીખવ્યું, જીવનમાં માંબાપનું મહત્વ અને યોગદાનની વાત કરી, સામાજિક પ્રશ્નોથી વાકેફ કરી તેના નિરાકરણ માટેનું માર્ગદર્શન આપ્યું, "વાસુન્ધેય કુટુમ્બકમ" નો ભાવ જગાડવા કોમવાદ, જ્ઞાતિવાદ થી ઉપર ઉઠી માનવ બનવા આહવાન કર્યું અને છેલ્લે જીવનમાં સફળ થવા પોતાના પવિત્ર હૃદયને સાંભળી પુરુષાર્થ દ્વારા આગળ વધવા શીખ આપી. તાલીમ દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે અમદાવાદના જાણીતા રિક્ષાવાળા ઉદયભાઈ જાદવ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી જ્યારે ડો. કપિલ ત્રિવેદી દ્વારા શરીર અને મનનેસ્વચ્છ અને સ્વસ્થ રાખવા જીવનમાં યોગ, ધ્યાન અને કસરતનું મહત્વ સમજાવ્યું હતું. તાલીમના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓને, હાજીપુર સ્થિત મંથન અપંગ કન્યા સંકુલની મુલાકાત કરાવી હતી. નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં સર્વ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડીના પ્રમુખ ડોક્ટર મણીભાઈ એસ પટેલ સાહેબ ઉપસ્થિત રહી સંસ્થાની વિસ્તૃત માહિતી આપી સાથે સમાજ અને રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયામાં યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક તરીકે રાહુલભાઈ સુખડીયા અને પ્રો. વરુણભાઈ શેલત દ્વારા કરવામાં આવ્યું હતું. પૂર્વ તાલીમાર્થી યુવરાજ વિહોલ, અભિષેક પંચાલ, હેતવી ડોંગા ,વિક્રાંત રાઠોડ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવ પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી.

## રવિવાર, ૧૦ ડિસેમ્બર,૨૦૨૩ સાંજે ૪ થી ૬ બ્રહ્માકુમારીઝ સેક્ટર.૨૮ ગાંધીનગર સેવાકેન્દ્ર ખાતે નાડી તપાસનાર પ્રખ્યાત મસાલા વૈધનો કેમ્પ

એલોપેથી,આયુર્વેદ,હોમીઓપેથી જેવી પેથીઓ દ્વારા દર્દીની બીમારીના લક્ષણો અને દર્દીને શુ થાય છે તે આધારે અપાતી દવાઓ અને તેની થતી આડઅસરમાંથી બહાર આવી નાડી તપાસ દ્વારા શરીરના મૂળ રોગને જ દૂર કરવા તથા તેની દવા તરીકે જેની કોઈ જ આડ અસર નથી તેવા આપણા ઘરના રસોડામાં રોજ બરોજ વપરાતા મસાલા જ લેવાનો હવે સમય પાકી ગયો છે. ગુજરાતમાં ખ્યાતનામ નાડી વૈદ્ય નાડી તપાસી મૂળ રોગ માટે દવા તરીકે રસોડાના મસાલા આપતા મુકામ:માસ્ટર, તા:પાદરા,જિલ્લો:વડોદરાના પ્રખ્યાત વૈદ્યરાજ ભ્રાતા ભીખાભાઈ પ્રભાતસિંહના સુપુત્ર વૈદ્યરાજ ભ્રાતા રણજીતસિંહ ભીખાભાઈ નો કેમ્પ બ્રહ્માકુમારીઝ, સેક્ટર.૨૮,ગાંધીનગર ખાતે રવિવાર,૧૦ ડિસેમ્બર,૨૦૨૩ના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ રાખવામાં આવેલ છે. જેમાં નાડી જોવાનો વ્યક્તિ દીઠ ચાર્જ રૂ.૫૦/- રહેશે. ત્યારબાદ દવા તરીકે આપવામાં આવનાર મસાલાનો ચાર્જ દર્દી દીઠ અલગ અલગ થશે.★ અત્રે એ ઉલ્લેખનીય છે કે આ વૈદ્યરાજની સારવાર એટલી સચોટ અને અસરકારક છે કે તેની માંગ સમગ્ર ગુજરાતમાં સતત વધવા લાગી છે. ફળસ્વરૂપ તેમનો કેમ્પ (૧) અમદાવાદ,(૨) આણંદ,(૩) નડિયાદ,(૪) ડભોઈ,(૫) વડોદરા,(૬) રાજપારડી, (૭) સુરત,(૮) રાજકોટ,(૯) મોરબી,(૧૦) વિસનગર ખાતે દર મહિને નિયમિત એક જ વખત રાખવામાં આવી રહેલ છે.

## સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારના જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વધુ સુદ્રઢ કરવા રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

દેશના પશુપાલન અને દૂધ ઉત્પાદન ક્ષેત્રમાં ગુજરાતનું યોગદાન મહત્વપૂર્ણ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતના જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને વધુ સુદ્રઢ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે કરેલા નિર્ણયની વિગતો આપતા પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારના જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટની સ્થાપના, કેટલફીડ ફેક્ટરીની સ્થાપના, એરીયા સ્પેસિફિક મિનરલ મિક્ષર પ્લાન્ટની સ્થાપના, સાઈલેજ બેલીંગ યુનિટ હાર્વેસ્ટર કમ ચોપર સહિતની વિવિધ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે જૂનાગઢ, મોરબી અને જામનગર જિલ્લા સહકારી દૂધ સંઘો માટે રાજ્ય સરકારે રૂ.૧૬.૮૯ કરોડની સહાય મંજૂર કરી છે.

મંત્રી શ્રી પટેલે કહ્યું કે, રાજ્ય સરકારના આ પ્રોજેક્ટથી સૌરાષ્ટ-કચ્છ વિસ્તારના પશુપાલકોને દૂધનું સારુ વળતર મળશે અને પશુપાલન વ્યવસાયને વેગ મળશે.

તેમણે વધુ વિગતો આપતા ઉમેર્યું હતું કે, જૂનાગઢ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘને ૨ ન્ન્ઁઢ પ્લાન્ટના નવીનીકરણ અને ૨ઁ ઢ પનીર પ્લાન્ટ સ્થાપના માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૦૬૯.૧૩ લાખની સહાય મંજૂર કરી છે. આ પ્લાન્ટના ઓટોમેશનથી પ્રોડક્શન કોસ્ટમાં ઘટાડો આવશે અને જિલ્લાના દૂધ ઉત્પાદકોની આવકમાં વધારો થવાથી જૂનાગઢ જિલ્લાના પશુપાલકોની આવકમાં વૃધ્ધિ થશે.

## ગુજરાત ક્ષત્રિય સભા ગાંધીનગર માં ૧૦ ડિસેમ્બરે કરણીસેનાન અધ્યક્ષ સ્વ.સુખદેવસિંહ ગોગામેડીને શ્રદ્ધાજલી અપાશે !



ગુજરાત ક્ષત્રિય સભા ની પ્રદેશ કારોબારી ની મિટિંગ સંસ્થા ના પ્રમુખ શ્રી કરણસિંહજી ચાવડા ના અધ્યક્ષ સ્થાને તા.૧૦-૧૨-૨૩ ને રવિવાર ના રોજ બપોરે.૧.૩૦ કલાકે કાર્ટૂન હોટલ.સેક્ટર.૨૮ નો બગીચો.ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. સ્વ.શ્રી સુખદેવસિંહજી ગોગમેડી ને શ્રદ્ધાંજલિ અર્પણ કરી અન્ય કામ હાથ ધરાશે, સૌ સભ્યો તેમજ સમાજના અગ્રણી ઓ ને ઉપસ્થિત રહેવા

ગુજરાત ક્ષત્રિય સભા તથા વ્યવસ્થાપક સમિતિ દવારા જણાવ્યુ છે. ..

તંત્રી લેખ......

# ભારે પડતી ભૂલો

લોકસભામાં જમ્મુ-કાશ્મીર સંબંધિત બે બિલો પર ચર્ચા સમયે ગૃહમંત્રી અમિત શાહે જે કહ્યું કે પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુની ભૂલોને કારણે આ રાજ્યનો એક હિસ્સો પાકિસ્તાનના કબ્જામાં ચાલ્યો ગયો, તે એક એવું તથ્ય છે કે જેનો કોઈ ઇનકાર ન કરી શકે. ગૃહમંત્રીના એ નિષ્કર્ષ સાથે પણ અસંમત ન થઈ શકાય કે જો નેહરુ કાશ્મીર મુદ્દાને સંયુક્ત રાષ્ટ્રમાં ન લઈ જતા તો ગુલામ કાશ્મીર ભારતનો હિસ્સો હોત. એ સમજી શકાય છે કે કોંગ્રેસના સદસ્યોને ગૃહમંત્રીની વાત કડવી લાગી હશે, પરંતુ એનાથી સચ્ચાઈ બદલાઈ જવાની નથી કે જો નેહરુ પાકિસ્તાનના કબ્જાવાળા ક્ષેત્ર તરફ આગળ વધતી ભારતીય સેનાને રોકીને સંઘર્ષ વિરામની જાહેરાત ન કરતા તો સેના ગુલામ કાશ્મીરને મુક્ત કરાવી શકે તેમ હતી. એ ઉલ્લેખનીય છે કે ખુદ નેહરુએ શેખ અબ્દુલ્લાને લખેલા એક પત્રમાં એ માન્યું હતું કે સંઘર્ષ વિરામનો અમારો નિર્ણય અપેક્ષિત પરિણામો ન આપી શક્યો. આખરે જ્યારે ખુદ તેમણે પોતાની ભૂલનો આભાસ કર્યો, તો પછી કોંગ્રેસના નેતાઓએ તેની અવગણના કરવાનો શો મતલબ? નેહરુની ભૂલોનું એક અન્ય ઉદાહરણ કલમ ૩૭૦ પણ હતું. આ વિભાજનકારી કલમે માત્ર એક દેશ, બે વિધાનની સ્થિતિ જ પેદા ન કરી, બલ્કે જમ્મુ-કાશ્મીરમાં અલગતાવાદને પણ પોષિત કર્યો. આ જ અલગતાવાદને કારણે પાકિસ્તાનને જમ્મુ-કાશ્મીરમાં હસ્તક્ષેપ કરવાનો અવસર મળ્યો. તેના હસ્તક્ષેપને કારણે જ અલગતાવાદે આતંકવાદનું રૂપ ધારણ કરી લીધું.

એ સાચું કે જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદનો ખાત્મો થવો હજુ બાકી છે, પરંતુ એનો ઇનકાર નહીં કે કલમ ૩૭૦ હટાવ્યા બાદથી આતંકી ઘટનાઓ પર એક મોટી હદે લગામ લાગી છે. તે ઉપરાંત આ કલમ હટ્યા બાદ જમ્મુ-કાશ્મીરનો માહોલ બદલાયો છે અને ત્યાં સ્થિતિઓ ધીમે ધીમે સામાન્ય થઈ રહી છે. એ આશ્ચર્યજનક છે કે કલમ ૩૭૦ની વિભાજનકારી અને ભેદભાવ ભરેલી જોગવાઇઓ બાદ પણ તેને હટાવવાનો વિરોધ કરાઈ રહ્યો છે. આખરે જે કલમ અસ્થાયી હતી, તેને રદ્દ કરવાના નિર્ણયનો વિરોધ કરવાનો શો મતલબ?કોંગી નેતાઓ નેહરુની ભૂલોનો ઉલ્લેખ થતાં જ લાલચોળ થઈ જાય છે, પરંતુ તેઓ એ સમજવાની કોશિશ નથી કરતા કે તેમનાથી વાસ્તવમાં કેટલીક ભૂલો થઈ છે. સત્તામાં રહેતી વખતે શાસક જે કંઈ નિર્ણય લે છે, તેમાં ક્યારેક કેટલાક ખોટા પણ સાબિત થાય છે. યોગ્ય એ જ છે કે શાસકોના નિર્ણયોનું આકલન તેમના ગુણ-દોષના આધાર પર કરવામાં આવે. કોંગ્રેસ લાંબા સમય સુધી કેન્દ્રની સત્તામાં રહી છે. આ દરમ્યાન તેના વડાપ્રધાનોએ કેટલાય સારા નિર્ણયો લીધા, તો કેટલાક ખરાબ પણ હતા. દાખલા તરીકે વડાંપ્રધાન રૂપે ઇન્દિરા ગાંધીએ જે રીતે બાંગ્લાદેશની મુક્તિનું યુદ્ધ લડ્યું, તેની પ્રશંસા આખો દેશ કરે છે, પરંતુ કોઈપણ વ્યક્તિ ઇન્દિરા દ્વારા કટોકટી લાદવાના તેમના નિર્ણયનું સમર્થન ન જ કરી શકે.

# જો સંગઠનને સાથે નહીં લઈએ તો ભવિષ્યમાં ચૂંટણી લડવી મુશ્કેલ બની જશે,કોંગ્રેસ અધ્યક્ષ




શિમલા,તા.૯

હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસ અને સુખવિંદર સિંહ સુખુ સરકાર વચ્ચે ચાલી રહેલ કડવાશ ફરી એકવાર સામે આવી છે. સરકાર એક વર્ષનો કાર્યક્રમ પૂર્ણ કરવા જઈ રહી છે અને તે ૧૧મી ડિસેમ્બરે કાંગડામાં ઉજવાઈ રહી છે. જેને લઈને મુખ્યમંત્રીએ ગઈકાલે શિમલામાં ધારાસભ્ય દળની બેઠક પણ બોલાવી હતી, જ્યાં કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. પરંતુ આ બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ પ્રતિભા સિંહ કે કોઈ સંગઠનના નેતાને બોલાવવામાં આવ્યા ન હતા. હવે પ્રતિભા સિંહે આ અંગે નારાજગી વ્યક્ત કરી છે.હિમાચલ કોંગ્રેસ અધ્યક્ષ પ્રતિભા સિંહે કહ્યું છે કે ૧૧ ડિસેમ્બરે યોજાનાર કોંગ્રેસ સરકારના એક વર્ષના કાર્યક્રમ માટે તેમને વિશ્વાસમાં લેવામાં આવ્યા નથી. તેમજ મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ તેમની સાથે કોઈ બેઠક કરી નથી. પ્રતિભા સિંહના આ નિવેદન બાદ સરકાર અને સંગઠન વચ્ચે શરૂ થયેલું રાજકીય શીતયુદ્ધ ખુલ્લેઆમ બહાર આવે તેમ લાગી રહ્યું છે.

પ્રતિભા સિંહે કહ્યું કે સંગઠનના કારણે જ સરકાર બની છે. સંગઠન વિના સરકાર બની શકતી નથી. તેમણે કહ્યું કે મુખ્ય પ્રધાન સુખવિંદર સિંહ સુખુ પોતે સંગઠનમાંથી બહાર આવ્યા છે. તેઓ એનએસયુઆઇ, યુથ કોંગ્રેસ અને પછી હિમાચલ કોંગ્રેસ દ્વારા રાજ્યના મુખ્યમંત્રી બન્યા.આવી સ્થિતિમાં તેઓ સંસ્થાને સાથે લઈને ચાલશે તેવી આશા વ્યક્ત કરી હતી. જો સંગઠનને સાથે નહીં લઈએ તો ભવિષ્યમાં ચૂંટણી લડવી મુશ્કેલ બની જશે. પ્રતિભા સિંહે કહ્યું કે ચૂંટણી લડવા માટે પાર્ટી માટે કામ કરતા અધિકારીઓ અને કાર્યકરોને સાથે લઈને ચાલવું ખૂબ જ જરૂરી છે.

# ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ : ડુંગળીના વધતા ભાવથી સરકાર ચિંતિત

નવીદિલ્હી,તા.૯

ડુંગળીની સ્થાનિક પ્રાપ્યતા વધારવા અને તેના ભાવને નિયંત્રિત કરવા માટે, ભારત સરકારે આવતા વર્ષે માર્ચ સુધી તેની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડએ એક નોટિફિકેશનમાં જણાવ્યું છે કે ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી ડુંગળીની નિકાસ નીતિને ‘ફ્રી‘માંથી ‘પ્રતિબંધિત‘ શ્રેણીમાં બદલવામાં આવી છે.રાજધાની દિલ્હીમાં સ્થાનિક શાકભાજી વિક્રેતાઓ ૭૦-૮૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ડુંગળી વેચી રહ્યા છે. જેના કારણે સામાન્ય ગ્રાહકોનું બજેટ બગડવા લાગ્યું છે. ઓક્ટોબરની શરૂઆતમાં, કેન્દ્ર સરકારે ગ્રાહકોને રાહત આપવા માટે છૂટક બજારોમાં ૨૫ રૂપિયા પ્રતિ કિલોના રાહત દરે બફર ડુંગળીનો સ્ટોક વેચવાનો નિર્ણય લીધો હતો.સરકારે આ વર્ષે ૨૮ ઓક્ટોબરથી ૩૧ ડિસેમ્બર સુધી ડુંગળીની નિકાસ પર પ્રતિ ટન ૮૦૦ ડોલરની લઘુત્તમ નિકાસ કિંમત પણ નક્કી કરી હતી. અગાઉ ઓગસ્ટમાં ૩૧ ડિસેમ્બર સુધી ડુંગળી પર ૪૦ ટકા નિકાસ ડ્યૂટી લાદવામાં આવી હતી. જો કે, ડીજીએફટીએ જણાવ્યું હતું કે સરકારની મંજૂરી લીધા પછી અન્ય દેશોને તેમની વિનંતીના આધારે ડુંગળીની નિકાસ કરવાની મંજૂરી આપવામાં આવશે. આ સિવાય આ નોટિફિકેશન પહેલા જ લોડ થયેલ ડુંગળીના માલને પણ નિકાસ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ સિવાય જો આ નોટિફિકેશન બહાર પાડ્યા પહેલા ડુંગળીનો કન્સાઈનમેન્ટ કસ્ટમ્સને સોંપવામાં આવ્યો હોય અને ઈલેક્ટ્રોનિક સિસ્ટમમાં દાખલ કરવામાં આવ્યો હોય તો તે ડુંગળીની નિકાસને પણ મંજૂરી આપવામાં આવે છે. આવતા વર્ષે ૫ જાન્યુઆરી સુધી આવા માલની નિકાસ કરી શકાશે.ચાલુ નાણાકીય વર્ષમાં ૧ એપ્રિલથી ૪ ઓગસ્ટ વચ્ચે દેશમાંથી ૯.૭૫ લાખ ટન ડુંગળીની નિકાસ કરવામાં આવી હતી. નિકાસ મૂલ્યની દ્રષ્ટિએ ટોચના ત્રણ આયાત કરનારા દેશો બાંગ્લાદેશ, મલેશિયા અને સંયુક્ત આરબ અમીરાત છે. ખરીફ પાકની મોસમમાં ડુંગળીના વાવેતર હેઠળના વિસ્તારમાં ઘટાડો થવાના અહેવાલો વચ્ચે, તેના ભાવ વધવા લાગ્યા છે. ઓક્ટોબરના જથ્થાબંધ ફુગાવાના આંકડા અનુસાર, શાકભાજી અને બટાકાના ફુગાવામાં અનુક્રમે ૨૧.૦૪ ટકા અને ૨૯.૨૭ ટકાનો ઘટાડો થયો છે, જ્યારે ડુંગળીનો વાર્ષિક ભાવ વધારો ૬૨.૬૦ ટકાના દરે ઊંચો રહ્યો છે.

# મે અદાણીનો મુદ્દો ઊઠાવ્યો એટલા માટે જ મારું સાંસદ પદ છીનવી લેવામાં આવ્યું છે,મહુઆ મોઈત્રા

નવીદિલ્હી,તા.૯

મહુઆ મોઈત્રાનું સાંસદ તરીકેનું પદ છીનવાઈ ગયુંછે. તેઓ તૃણમૂલ કોંગ્રેસ પાર્ટી વતી સાંસદ હતા. એથિક્સ કમિટી દ્વારા પૈસા લઈને સંસદમાં સવાલો પૂછવાના કેસમાં તેમની સામે રિપોર્ટ રજૂ કરાયો હતો. આ રિપોર્ટ લોકસભામાં રજૂ કરવામાં આવતાં ભારે હોબાળો થયો હતો. જેના પછી વોટિંગ કરાવીને આ રિપોર્ટની તરફેણમાં પ્રસ્તાવને ગૃહ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. જેનાથી મહુઆનું સાંસદ પદ રદ થઈ ગયું હતું. હવે આ મામલે મહુઆ મોઈત્રાની પ્રતિક્રિયા સામે આવી છે.મહુઆ મોઈત્રાએ કહ્યું કે મે અદાણીનો મુદ્દો ઊઠાવ્યો એટલા માટે જ મારું સાંસદ પદ છીનવી લેવામાં આવ્યું છે. એથિક્સ કમિટીએ તથ્યોની તપાસ જ નથી કરી. સોગંદનામામાં વિગતો જ જુદી છે. મારી વિરુદ્ધ કેશ કે ગિફ્ટ્સ લેવાના કોઈ પુરાવા જ નથી. તેમણે સવાલ કર્યો કે મારી વિરુદ્ધ તપાસ માટે એથિક્સ કમિટીએ બિઝનેસમેન હીરાનંદાણીને કેમ ન બોલાવ્યાં? મારી વિરુદ્ધ કોઈ પુરાવા નથી છતાં મને દંડિત કરવામાં આવી. મહુઆએ કહ્યું કે આ મોદી સરકારના અંતની શરૂઆત થઈ ચૂકી છે. સાંસદ પદ છીનવાઈ જતાં મોટાભાગના વિપક્ષી દળોએ મહુઆ મોઈત્રા પ્રત્યે સમર્થન દર્શાવ્યું હતું. વિપક્ષોએ સંસદની બહાર દેખાવોમાં પણ ભાગ લીધો હતો.



મહુઆ મોઈત્રાની સદસ્યતા રદ કરવાનો વિરોધ પક્ષોએ જોરદાર વિરોધ કર્યો છે. આ દરમિયાન તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીએ પણ મહુઆના સમર્થનમાં મોટી વાત કહી છે.મહુઆ મોઈત્રાની લોકસભા સદસ્યતા સમાપ્ત કરવા પર તૃણમૂલ કોંગ્રેસ અધ્યક્ષ મમતા બેનર્જીએ કહ્યું કે આ ભાજપની બદલાની રાજનીતિ છે, તેઓએ લોકશાહીની હત્યા કરી છે. મમતાએ કહ્યું કે આ અન્યાય છે અને મહુઆ જંગ જીતશે, જનતા તેને ન્યાય આપશે. ભાજપ પર નિશાન સાધતા તેમણે કહ્યું કે આગામી ચૂંટણીમાં પાર્ટીની હાર થશે. મમતાએ કહ્યું- ×હું તમને કહું છું કે મહુઆ મોઈત્રા સંજોગોનો શિકાર છે. હું તેની સખત નિંદા કરું છું, તે લોકશાહી માટે દુર્ભાગ્યપૂર્ણ છે. મમતાએ કહ્યું કે અમારી પાર્ટી ભારત ગઠબંધન સાથે મળીને લડશે.×મહુઆ વિરુદ્ધ કરવામાં આવેલી કાર્યવાહી અંગે કોંગ્રેસના સાંસદ અધીર રંજન ચૌધરીએ કહ્યું કે આ નિર્ણય પાયાવિહોણા તથ્યોના આધારે અને બદલાની ભાવના સાથે લેવામાં આવ્યો છે. શિવસેના યુબીટી સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું કે આરોપ લગાવનારના નિવેદનના આધારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય ન્યાયની કુદરતી પ્રક્રિયાની વિરુદ્ધ છે.ઉલ્લેખનીય છે કે મહુઆ મોઈત્રા પર બિઝનેસમેન દર્શન હીરાનંદાણી પાસેથી પૈસા લઈને અદાણી અંગે લોકસભામાં સવાલો પૂછવાનો આરોપ લગાડવામાં આવ્યો હતો. આ મામલે તેમના પર બિઝનેસમેન પાસેથી પૈસા અને ગિફ્ટ્સ પણ લેવાના આરોપ લાગ્યા હતા. ત્યારબાદ ભાજપના સાંસદના આરોપો બાદ મહુઆએ એ વાત પણ સ્વીકારી હતી કે તેમણે બિઝનેસમેનને તેમના સંસદના લોગઈન અને પાસવર્ડ આપ્યા હતા.

## ૨૦૨૪માં માત્ર ભાજપ જીતશે પણ અમિત શાહ વડાપ્રધાનની ગાદી પર બેસશે,ટિકૈત

મેરઠ,તા.૯

ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને લઈને મોટી ભવિષ્યવાણી કરી છે. ટિકૈતે કહ્યું છે કે દેશમાં ભાજપ સરકાર બનાવશે પરંતુ ખુરશી પર નવો ચહેરો જોવા મળી શકે છે. તેણે વર્તમાન પીએમ નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને સીએમ યોગી આદિત્યનાથ વિશે ચોંકાવનારી વાતો કહી છે.

મેરઠ આવેલા રાકેશ ટિકૈતે કહ્યું છે કે ચૂંટણીમાં ભાજપ જ વાપસી કરશે. શરૂઆતમાં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે. પરંતુ વચ્ચે તેઓ પદ છોડીને રાષ્ટ્રપતિ બનશે. ત્યારબાદ તેમની જગ્યાએ અમિત શાહ વડાપ્રધાનની ગાદી પર બેસશે. આ સાથે જ યુપીના સીએમ યોગી આદિત્યનાથ દેશના ગૃહમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળશે.

ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈત મેરઠમાં સપા ધારાસભ્ય અતુલ પ્રધાનના આમરણાંત ઉપવાસને સમર્થન આપવા આવ્યા હતા, જેમણે ખાનગી હોસ્પિટલ સામે વિરોધ શરૂ કર્યો હતો.

# AI ભવિષ્યમાં ઘણી નોકરીઓ ભરખી જશે, એકાઉન્ટન્ટ અને કન્સલ્ટન્ટને મોટો ખતરો



વિશ્વ અત્યારે એક એવા આધુનિક તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે જેમાં કંઈક નવું ન શોધાય તો નવાઈ લાગે. હાલમાં સમગ્ર વિશ્વ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ચેટજીપીટી જેવા માધ્યમોની પાછળ ઘેલું થયું છે. આ દિશામાં કામ કરવામાં આવી રહ્યું છે અને અબજો રૂપિયાનું રોકાણ કરીને જાતભાતની શોધ કરવામાં આવી રહી છે. આ બધા વચ્ચે એક એવો અહેવાલ આવ્યો છે જેણે લોકોની ઉંઘ ઉડાડી છે. બ્રિટનના ડિપાર્ટમેન્ટ ફેર એજ્યુકેશન દ્વારા આધુનિક રોબોટ્સ, છૈં અને ચેટજીપીટી જેવા ઓપન છૈં માધ્યમો સામે ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે ભવિષ્યમાં જોબ ધરાવનારા લાકો ઉપર જ સૌથી મોટા ભય તોળાઈ રહ્યો છે. સંશોધકો દ્વારા જણાવવામાં આવ્યું કે, એકાઉન્ટન્ટ, કન્સલ્ટન્ટ અને સાઈકોલેજિસ્ટ જેવી નોકરીઓ ઉપર સૌથી વધારે ભય તોળાઈ રહ્યો છે. બીજી તરફ રમતગમતના ખેલાડીઓ, તેમના કોચ, મોટા મશિનો ઓપરેટ કરનારા લેબર્સ, કાચ લગાવનારા અને રિપેર કરનારા લોકો, પ્લમ્બર, પેઈન્ટર, ઓટોમેટિવ મિકેનિક, કારપેન્ટર જેવા ક્ષેત્રોમાં નોકરીઓનો ખાસ અસર થવાની શક્યતાઓ નથી. સંશોધકો દ્વારા ૩૬૫ કેટેગરીની નોકરીઓ અને તેના માટેના બેસિક ક્વોલિફિકેશનના આધારે અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ તમામ ક્ષમતાઓ અને ક્વોલિફિકેશનને ઓપન છૈંની સાથે સરખાવવામાં આવ્યા હતા. આ સરખામણીના આધારે કઈ નોકરીઓ ઉપર વધારે જોખમ છે અને કયા ઉપર ઓછું છે તેનું તારણ કાઢવામાં આવ્યું હતું.

અભ્યાસ કરનારા તજજ્ઞોના મતે જ્યારે ક્વોલિફિકેશન અને છૈંની એબિલિટીની સરખામણી કરવામાં આવી ત્યારે આશ્ચર્યજનક પરિણામો મળ્યા હતા. તેમાં જાણવા મળ્યું હતું કે, જે નોકરીઓમાં ક્વોલિફિકેશનની જરૂરિયાત વધારે છે અથવા તો જે નોકરીઓ માટે મોટું ક્વોલિફિકેશન જોઈએ છે તે નોકરીઓ રોબોટ્સ અને છૈં દ્વારા ઝડપથી રિપ્લેસ કરવામાં આવે તેવું દેખાઈ રહ્યું છે. ભવિષ્યમાં આ નોકરીઓ ઉપર વધારે જોખમ છે. મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ, બિઝનેસ એનાલિસ્ટ જેવી કેટેગરીમાં તો સૌથી વધારે જોખમ રહેલું છે. ત્યારબાદ ફાઈનાન્સિયલ મેનેજર, ફાઈનાન્સ ડાયરેક્ટર, એકાઉન્ટન્ટ અને સાઈકોલોજિસ્ટને સૌથી વધારે અસર થઈ શકે છે. છૈંનું જોખમ ધરાવતી નોકરીઓની વાત આવે ત્યારે લિગલ એડવાઈઝર અને લિગલ સિસ્ટમ સાથે સંકળાયેલી ઘણી બધી નોકરીઓ ઉપર જોખમ આવે છે. છૈંનું જોખમ ધરાવતી ટોપ-૧૦ નોકરીઓમાં લિડલ પ્રોફેશનનો સમાવેશ થાય છે.સંશોધકોએ જણાવ્યું કે, લિગલ સિસ્ટમમાં છૈં અને રોબોટ્સની ડિમાન્ડ વધવા લાગી છે. તેમાંય ચેટજીપીટી જેવા ઈનોવેશનને લોકો આવકારી રહ્યા છે. જાણકારોના મતે ગત મહિને જ એક કંપની દ્વારા એક એવો કોન્ટ્રાક્ટ સાઈન કરવામાં આવ્યો જેને તૈયાર કરવામાં ક્યાંય માનવ મગજનો ઉપયોગ કરાયો નહોતો. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા તમામ કાયદાકીય આંટીઘુંટીને સમજીને એક કોન્ટ્રાક્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. નવાઈની વાત એ છે કે, આ કોન્ટ્રાક્ટમાં જે પણ લિગલ નેગોશિયેશન કરવામાં આવ્યું હતું તે પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા જ કરવામાં આવ્યું હતું. સંશોધકોએ જણાવ્યું હતું કે, હાલના સમયમાં વિકસિત દેશોમાં નોકરીઓ ઉપર સૌથી વધારે જોખમ રહેલું છે. વિકાસશિલ દેશોમાં પગારના માળખા અને લેબરની ઉપલબ્ધતાના કારણે હાલમાં આ દેશોમાં જોખમ વધારે નથી છતાં તેને અવગણી શકાય એવું પણ નથી. એશિયાના ઘણા દેશો વિદેશી છૈં સર્વિસ થકી સ્ટાફમાં ઘટાડો કરી શકે છે.

સંશોધકોએ જણાવ્યું હતું કે, એજ્યુકેશન સિસ્ટમ બદલાઈ રહી છે, ક્વોલિફિકેશનના ક્રાઈટેરિયા બદલાઈ રહ્યા છે. ખાસ કરીને નોકરીઓ આપવાની વાત આવે ત્યારે એમ્પ્લોયરની ઈચ્છાઓ અને ઉમેદવારોની ક્ષમતાઓ વચ્ચે કાયમ ટક્કર રહેતી હોય છે. આ સ્થિતિમાં છૈંનું સૌથી મોટું જોખમ ઊભું થશે. એમ્પ્લોયમેન્ટ માર્કેટે આગામી દાયકામાં આ અંગે સજ્જ થવું પડશે. સંશોધકોએ જણાવ્યું કે, તેમણે ચેટજીપીટી જેવા લાર્જ લેન્ગવેજ મોડેલ્સનો પણ અભ્યાસ કર્યો હતો. તેમાં જણાવવામાં આવ્યું કે, ચેટજીપીટી જેવા ચેટબોટ્સ જોખમી બની રહ્યા છે. ચેટજીપીટી જેવા ચેટબોટ્સની મોટી અસર ટેલિકોલર અને ટેલિફોન સેલ્સ પર્સન અને ટેલિમાર્કેટિંગ પર્સનની નોકરીઓને થવાની છે. ત્યારબાદ સાઈકોલોજિસ્ટની નોકરીઓને પણ અસર થશે. ખાસ કરીને લોકોની વાત સાંભળવા અને તેમને સલાહસુચન માટે આવા ચેટબોટ્સ વધારે ઉપયોગમાં આવે તેવી શક્યતાઓ જોવાઈ રહી છે. તેવી જ રીતે સંશોધકો જણાવે છે કે, ચર્ચમાં ક્લર્જીની નોકરીઓ ઉપર પણ ચેટબોટ્સના કારણે જોખમ આવવાનું છે.જાણકારોના મતે અમેરિકા અને યુકેનું માર્કેટ એવું છે જેમાં તમામ સ્તરે નવા સંશોધનો અને ટેક્નોલોજીનો ઉપયોગ ઝડપથી કરવામાં આવે છે. આ સંજોગોમાં છૈં અને ચેટબોટ્સનો ઉપયોગ અહીંયા વધવા લાગ્યો છે. જાણકારોના મતે યુકેના માર્કેટે આ માટે આગામી પાંચ વર્ષમાં જ મોટા ફેરફાર માટે સજ્જ થવું પડશે. તેમના મતે અમેરિકામાં અત્યારે પણ તેની અસર દેખાવા લાગી છે. ઓપનછૈં દ્વારા થોડા સમય પહેલાં જ અમેરિકી વર્કફોર્સ અને વર્કમાર્કેટનું એનાલિસીસ કરવામાં આવ્યું હતું. તેમાં જણાવાયું હતું કે, અમેરિકામાં ૮૦ ટકા વર્કફોર્સ એવા વ્યવસાયોમાં છે જેમાં ૧૦ ટકામાં તો માણસોની જગ્યાએ રોબોટ્સ અને છૈં ટેક્નોલોજી આવી ગઈ છે. હાલમાં ત્યાં દર પાંચમાંથી એક વર્ક સેક્ટર એવું છે જેમાં ૫૦ ટકા નોકરીઓને આગામી સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા અસર થઈ શકે છે.

જાણકારોના મતે આદ્યૌગિક ક્રાંતિ આવી ત્યારથી અત્યાર સુધી લબેર વર્ક કરનારો વર્ગ હમંશા જાખેમ અનુભવતો આવ્યો છે. તમોયં જ્યારે ગત વર્ષે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ચેટજીપીટી જેવા ચેટબોટ્સની વાતો આવી ત્યારે આ વર્ગને વધારે ભય અનુભવાયો હતો. જાણકારોના મતે આ ક્ષેત્રના લોકોને વધારે જોખમ છે જ નહીં. જે ક્ષેત્રમાં ટેકનિકલ જાણકારી વધારે જોઈએ, સમય આવ્યે પોતાના તર્કથી કામ કરવાની આવડત જોઈએ, મહેનત વધારે કરવી પડે, ક્વોલિફિકેશન ઓછું અને મહેનત વધારે કરવા પડે તેવા ક્ષેત્રોમાં છૈંની શક્યતાઓ નહીવત છે. જ્યાં પગાર ઓછા છે, ટેકનિકલ કામ વધારે છે, શ્રમ વધારે કરવો પડે છે તેવા ક્ષેત્રમાં છૈં અને ચેટબોટ્સનો પગપેસારો નહીવત છે. સ્પોર્ટ્સ ક્ષેત્રમાં ખેલાડીઓ, તેમના કોચ, તેમનો ટેકનિકલ સ્ટાફ, ફિઝિયો, મકાનના છત બાંધનારા, રિપેર કરનારા, મોટા મશિનો ઓપરેટ કરનારા, કાચ લગાવનારા, કાચ રિપેર કરનારા, પ્લમ્બર, પેઈન્ટર, ઓટોમેટીવ મિકેનિક, કારપેન્ટર જવો ક્ષત્રોમાં છૈંની ઘુસણખોરી શક્ય જ નથી.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No- 120**
વિષય : - વિધીના લેખ
પ્રકાર : - પદ્ય (અછાંદસ)
શીર્ષક : - મિથ્યા જતા નથી
શબ્દો : - ? ૯૩
નામ : - ડૉ રમીલાબેન ડી મકવાણા ★રમા★
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

વિધીના લેખ કંઈ મિથ્યા જતા નથી,
રાજા હોય કે રંક કદી મિથ્યા જતા નથી.

રાજા હરિશ્ચંદ્ર-તારામતીને દુઃખ વેઠવું પડ્યું,
ઘેર ઘેર ભિક્ષા માંગતા એ મિથ્યા જતા નથી.

રાજા કર્ણ સૂર્ય પુત્ર છતાં,પણ ગાદી નહીં,
કર્ણ દાનેશ્વરીનાં લેખ મિથ્યા જતા નથી.

દશરથરાજા પુત્ર વિયોગે મરીયા ત્યારે,
શ્રાપ દીધેલ એ કદી મિથ્યા જતા નથી.

લંકાપતિ રાવણ મહાજ્ઞાની હોવા છતાંય,
વિધતાએ લખેલા લેખ મિથ્યા જતા નથી.

સારા કર્મોનું ફળ કદાપી વ્યર્થ જતા નથી,
જીવનમાં કરેલા સારા કાર્યો મિથ્યા જતા નથી.

કિસ્મતમાં હશે તે કોઈ લઈ જવાનું નથી,
★રમા★ નિઃસ્વાર્થથી કરેલ કામો મિથ્યા જતા નથી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NSO SS NO- 154**
વિષયઃ-વિધિના લેખ
શીર્ષકઃ- નસીબ
શબ્દો :- ૬૬

આપણો પ્રેમાળ સંબંધ અતૂટતાનો,
સદીઓ સુધી રહેશે નથી છૂટવાનો!

ગાઢ મિત્રતાએ મનનાં મોતી ગૂંથવાનો,
વિશ્વાસ ભારોભાર તોડે કદી ના તૂટવાનો!

પ્રેમમયી બની એકમેકનો પ્રેમ લૂંટવાનો,
ભાવથી ભીની સ્નેહની કૂંપળો ફૂટવાનો!

નાની વાતમાં મજા આવે કોક'દી રુઠવાનો,
ભૂલ થાય તો ભૂલનો એકડો નથી ઘૂંટવાનો!

દુઃખ પીડા એકબીજાની અમે તો જૂટવાનો,
આમજ જીગરી પ્રેમ વહાલ રોજ ઉમટવાનો!

વિધિના લેખમાં કોઈ મેખ નથી મારવાનો,
લલાટે લખાયેલા નસીબને નથી ભુસવાનો!

બીના એન પીઠડીયા 'વૈદેહી'
અમદાવાદ
તારીખઃ-૯/૧૨/૨૦૨૩

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No-106**
વિષય-વિધિના લેખ
શીર્ષક- ★ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે?★
શબ્દો-૩૩૩
નામ-મુક્તિદા કુમાર 'રુપલી'
૦૦૦૦

પગ તળે પાણીનો રેલો આવે ત્યારે સમજાય! વિધિના ખેલ શું છે?

પેટમા દુઃખે અને જલ્દી ભાગવું પડે, તેમ હોય અને શૌચાલયની વ્યવસ્થા ન હોય,તો શું થાય? તે વખતે તમારા 'મુખારવિંદ' ઉપરના 'પ્રતિભાવો'. કેવા 'ભાવ' આપી શકશે? અભિનેતા ચાર્લીચેપ્લીન જ આવી પરિસ્થિતિને હાસ્યમાં બદલી શકે. ખરુંને?
પણ જિંદગીને જો આપણે એક નાટકના સ્ટેજ તરીકે લઈએ,
વિધાતા તો છઠ્ઠીના લેખ લખી જાય, ★વિધાતાના લેખ બગાડવા કે સુધારવા એ પોતાના જ હાથની વાત છે★. એક પછી એક બાળકો થતાં ક્રિકેટની ટીમ પેદા થાય, કીડા મંકોડાની જેમ છોકરાં ઉછરે! આપણે કહીએ બાળક થતાં જાય એ તો ભગવાનના હાથની દેન છે!
"ભાઈ! આ તો થોડા સમયનો ખેલ છે. સમયને અનુરૂપ,નાટક (અભિનય) ભજવીલો!'' દરેક માટે શક્ય છે?
રામ જેવા રામ ભગવાન મૃગની પાછળ દોડ્યા! સીતામાની કંચુકી બનાવવા માટે,અને આખું રામાયણ રચાઈ ગયું!

"વિધાતાનો ભય" માણસના વિચારને ડગાવી દે છે. માણસે સતત કાર્યરત રહી, પસાર થઈ જશે.એમ શીખવ્યા કરવું પડે,
ખોટેખોટું પણ
પેટમાં ગુદગુદી કર!
હાસ્ય પેદા કર!
સતત તું કાર્ય કર
કાર્ય વિણ નાવિધિ
ના મુક્તિ.
સામે જ ભરેલું ભાણું મૂક્યું છે! તેમાં જુદીજુદી વાનગીઓ પીરસાયેલી છે. ઈચ્છા થાય તે ઉપાડો ! ખાવ એના પાચનની પરવા પણ નથી.જો, કહેવામાં આવ્યું હોય કે,''અમુક વસ્તુ ખાવાથી તરત જ તમારું મૃત્યુ થશે'' તો તે નહિ જ ખાવ !
તમને બહુજ ભાવે છે, પણ " મૃત્યુભય"ના કારણે તમે એ નહિ ખાવ "હા હવે શું થાશે?!" કોઈ પરિસ્થિતિનો સામનો કરવા માટે માત્ર વિધિ જ જવાબદાર નથી. આપણું ચરિત્ર-વર્તન જવાબદાર છે.
કર્મ કરશું તેવો આકાર,
વિધિ લેશે.
કૃષ્ણ ભગવાન મૃત્યુ સમયે એકલા હતા! એમનું મૃત્યુ શામાટે અને કેવીરીતે થયું? તે આપણે જાણીએ છીએ.
કોના કરમ એવાં હતાં કે આવું મૃત્યુ આવ્યું?
વિધિ ના લેખ સારા કરવા
આપણા

વિચાર -કાર્ય- અને જાત મહેનત જ મહત્વનાં છે. આનંદ ક્યાંથી મળશે તે જ શોધીશું, અને આનંદનો જ અભ્યાસ કરીશું.તો ગમે તેવા દુઃખના પહાડ તોડી સુખ સુધી પહોંચવાના રસ્તા કંડારી શકીશુ.
વિધિને જે લખવું હોય તે લખે.
★કાળા રંગના જિંદગીના ફલક પર સફેદ લીટા દોરવા આપણા હાથમાં છે.

# સપ્તાહ દરમિયાન ક્રૂડ તેલનો વાયદો રૂ.૬૦૫ લપસ્યોઃ ચાંદીમાં રૂ.૩,૨૦૨નો કડાકોઃ સોનું ઊંચા મથાળે અથડાઈ ભાવમાં પીછેહટ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૧થી ૭ ડિસેમ્બર સુધીના સપ્તાહ દરમિયાન ૭૪,૭૯,૪૮૩ સોદાઓમાં કુલ રૂ.૬,૩૫,૬૮૯.૪૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૦૨,૦૬૫.૫૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૫,૩૩,૫૦૧.૦૪ કરોડનો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૯,૩૧,૯૭૬ સોદાઓમાં રૂ.૬૯,૯૫૩.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨,૭૮૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૪,૦૬૩ના રેકોર્ડ સ્તરને સ્પર્શી નીચામાં રૂ.૬૧,૯૪૨ બોલાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૭૪ ઘટી રૂ.૬૨,૪૬૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫ ઘટી રૂ.૫૦,૪૦૨ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૫ ઘટી રૂ.૬,૧૨૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૭ ઘટી રૂ.૬૨,૨૯૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૭૭,૭૭૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૮,૫૪૯ અને નીચામાં રૂ.૭૪,૦૦૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩,૨૦૨ના કડાકા સાથે રૂ.૭૪,૩૧૩ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨,૯૬૨ ઘટી રૂ.૭૪,૩૬૫ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨,૯૩૪ ઘટી રૂ.૭૪,૩૭૬ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર ૬,૮૯,૮૬૨ સોદાઓમાં રૂ.૨૪,૮૫૯.૯૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૬,૩૩૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૪૦૯ અને નીચામાં રૂ.૫,૭૫૫ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૬૦૫ ઘટી રૂ.૫,૮૦૨ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૬૦૪ ઘટી રૂ.૫,૮૦૭ બંધ થયો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૩૫ના ભાવે ખૂલી, રૂ.૨૦.૧૦ ઘટી રૂ.૨૧૪.૮૦ અને નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો ૨૦.૨ ઘટી ૨૧૫ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૬૬,૧૩૦ સોદાઓમાં રૂ.૭,૨૦૭.૫ કરોડના વેપાર થયા હતા. તાંબુ ડિસેમ્બર વાયદો રૂ.૭૨૩.૫૫ના ભાવે ખૂલી, રૂ.૬.૮૦ ઘટી રૂ.૭૧૫.૨૦ જ્યારે એલ્યુમિનિયમ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૬.૧૦ ઘટી રૂ.૧૯૫.૧૦ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩.૬૦ ઘટી રૂ.૧૮૨ના ભાવ થયા હતા. જસત ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૫.૩૦ ઘટી રૂ.૨૧૮ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૬.૨૫ ઘટી રૂ.૧૯૫.૭૦ સીસુ-મિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩.૮૦ ઘટી રૂ.૧૮૨.૪૦ જસત-મિની ડિસેમ્બર વાયદો રૂ.૫.૩૫ ઘટી રૂ.૨૧૭.૮૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે રૂ.૪૪.૬૨ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧,૫૭૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧,૫૯૫ અને નીચામાં રૂ.૧,૫૪૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૧ ઘટી રૂ.૧,૫૬૭ થયો હતો. કોટન ખાંડી જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૫૭,૦૪૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૭,૪૮૦ અને નીચામાં રૂ.૫૬,૦૦૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૦૦ ઘટી રૂ.૫૭,૦૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૩.૫૦ વધી રૂ.૯૪૨.૦૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૬,૭૮૦.૬૮ કરોડનાં ૪૨,૭૧૧.૯૮૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪૩,૧૭૨.૮૦ કરોડનાં ૫,૬૬૮.૩૪૫ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧૦,૭૦૫.૫૮ કરોડનાં ૧,૭૬,૩૨,૮૭૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧૪,૧૫૪.૩૬ કરોડનાં ૬૩,૨૮,૭૩,૫૦૦ એમએમબીટીયૂનાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૮૭૦.૭૩ કરોડનાં ૪૩,૭૮૩ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૩૫.૫૧ કરોડનાં ૧૨,૮૦૯ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૩,૫૦૬.૬૬ કરોડનાં ૪૮,૮૮૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨,૫૯૪.૬૦ કરોડનાં ૧૧૭,૪૭૨ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૫.૫૩ કરોડનાં ૨,૭૩૬ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૨૮.૯૩ કરોડનાં ૩૦૯.૨૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૬૯૧.૮૯૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૨૬.૧૫૨ ટન, તાંબાના વાયદાઓમાં ૧૪,૬૪૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૯,૩૭૦ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૪,૯૯૭ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૯,૪૩૪ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૨૫,૪૬,૬૦૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૭,૨૨,૨૧,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૮,૦૧૬ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૪૯૦.૬૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૨૨.૮૪ કરોડનાં ૧૪૯૬ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૨૦૧ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૬,૪૭૪ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૭૮૨ અને નીચામાં ૧૬,૨૧૧ બોલાઈ, ૫૭૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૧૪ પોઈન્ટ ઘટી ૧૬,૨૫૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૫,૩૩,૫૦૧.૦૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૦,૩૮૮.૨૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬,૬૭૭.૨૬ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૫૮,૯૧૪.૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૭,૪૨૫.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

# ★વાત બહાર જાય નહિ..!★ ??

★મુંબઈ સ્થિત સોલિસિટર શ્રી રામદાસ ગાંધીએ 'સફર સોલિસિટરની' નામનું પુસ્તક લખ્યું છે.

તેઓ થોડાં વર્ષ અમદાવાદમાં પણ રહ્યા હતા.

તેમણે નોંધ્યું છે કે અમદાવાદના લોકો 'ટીંડોરા'નું શાક સૌથી વધુ બનાવતા.

★'ટીંડોરા' એક એવું શાક છે કે તેમાં નકામો ભાગ ઓછો હોય અને વળી ચઢી પણ જલદી જાય.★ ?

તેમણે એમ પણ નોંધ્યું છે કે ★જો કોઈ નારંગી કે મોસંબી ખરીદતું હોય, તો તેમને તરત પૂછવામાં આવતું કે ઘરે કોઈ માંદું છે ? કોઈ બીમાર હોય ત્યારે જ લોકો ફળ ખરીદતા.

◦★કેવો હતો એક જમાનામાં અમદાવાદી ?★◦ ?

★એવું કહેવાય છે કે જે મૂળ અમદાવાદી હોય તે...★

★સૌથી ઉત્તમ માંગે,★

★સૌથી સસ્તું માંગે,★

★મનગમતું માંગે,★

★નમતું માંગે,★

★ઉધાર માંગે....★ ?

★અમદાવાદી એટલો બધો કંજૂસ કે તાળી પાડવામાં પણ કંજૂસાઈ કરે.

એવું કેમ ?
અરે ભાઈ, તાળી પાડીએ ને જમણો હાથ ડાબા હાથ પાસેથી કશું લઈ લે તો ! ?

★અમદાવાદમાં એક માથાભારે વ્યક્તિએ મહાજનને બેફામ ગાળો આપી. પેલા ભાઈ ઉપર કોઈ જ અસર નહિ.
કેમ ?

મહાજનભાઈ કહે...
★'એ આપે છે ને..? આપણી કનેથી કશું લઈ તો જતો નથી ને...!'★ ???

★એક વાર કોઈ કાંકરિયામાં ડૂબતું હતું.
બચાવ માટે એ ભાઈ બૂમો પાડતા હતા.

કિનારે એક ભાઈ ચાલતા હતા, તેને તે ડૂબતી વ્યક્તિ કહેતી હતી...
'મને તમારો હાથ આપો...'
પણ પેલા ભાઈએ હાથ ના આપ્યો.

જેવું તેણે કહ્યું કે- 'લો... મારો હાથ લઈ લો. મારો હાથ પકડો.' એવું કહ્યું કે તરત જ કિનારે ચાલતી વ્યક્તિએ ડૂબતી વ્યક્તિનો હાથ પકડી લીધો...!! ★અમદાવાદીને કોઈ 'આપો' એવું કહે તે ના ગમે...★ ?

★.....અને વિનોદ ભટ્ટે એક વાર મસ્ત વાત કરી હતી.

સમગ્ર વિશ્વમાં કબજિયાતના સૌથી વધુ દરદીઓ અમદાવાદમાં છે.

કેમ ?

★સાલું... કશું છોડવું પડે તે અમદાવાદીઓને પાલવતું નથી.★ ?

★અમદાવાદ નગર અડધી ચ્હા અને આખા પ્રેમનું નગર છે. પણ અડધી ચ્હા હવે 'ક્વાર્ટર' સુધી પહોંચી ગઈ છે.

★ચન્દ્રકાન્ત બક્ષી કહેતા હતા કે અમદાવાદમાં કોઈને પૂછીએ કે આ ફ્લેટ કેટલામાં લીધો ? તો જવાબ અચૂક એવો મળે છે કે 'અમે ૩૫ લાખમાં લીધો હતો, પણ અત્યારે ૫૫-૬૦ લાખ ચાલે છે.'

આ છે અમદાવાદીનું અદ્ભૂત વ્યક્તિત્વ. ?

★અમદાવાદી પોતાને મળેલું જમવાનું એક પણ આમંત્રણ ચૂકે નહીં,
પણ મિત્રને તો એવું જ કહેવાનો કે... ◦'એ બાજુ નીકળો તો ઘરે આવજો !'◦

★જેમ અડધી ચ્હાની શોધ અમદાવાદીએ કરી છે, તેમ 'મિસ કોલ'ની અપૂર્વ શોધ પણ અમદાવાદમાં જ થઈ છે. અમદાવાદમાં કોલ કરીને જેટલું કોમ્યુનિકેશન થતું હશે, તેનાથી વધારે કોમ્યુનિકેશન મિસ્ડકોલ્સ દ્વારા થતું હશે.★ ?

★અમદાવાદના વિશ્વખ્યાત ડો. મયુર પટેલ પાસેથી એક વાત સાંભળી હતી.
તે માનવાનું મન થાય એવી નથી, પણ મજા પડે તેવી છે.

એક અમદાવાદીને ફેમિલી ડોક્ટરે સલાહ આપી કે તમને ડાયાબિટીસ છે કે નહીં, તે ચેક કરાવો.

એ ભાઈ પહોંચ્યા 'સ્વાસ્થ્ય'માં ડૉ. મયુરભાઈ પટેલ પાસે.

પોતાનું લોહી મફતમાં આપીને એ ભાઈ, કોઈ પણ પ્રકારનો ટેસ્ટ કરાવવા રાજી નહોતા.

ડો. મયુરભાઈએ એક ડબ્બી આપીને કહ્યું કે : 'આમાં તમારો પેશાબ લેતા આવજો. તેના પરથી ટેસ્ટ કરીશું.'

બીજા દિવસે તે ભાઈ એક મોટી બાટલીમાં પેશાબ લાવ્યા.

ડોક્ટર કહે : 'આટલા બધા પેશાબની ક્યાં જરૂર હતી ?'

એ ભાઈ હસતાં હસતાં કહે... "આમાં સાહેબ ક્યાં પૈસા આપવાના હોય છે..? તમ તમારે રાખોને...!!"

ડોક્ટરે રિપોર્ટ તૈયાર કર્યો.

સાંજે અમદાવાદીભાઈ રિપોર્ટ લેવા આવ્યા.

ડો. મયુર પટેલે કહ્યું કે,
"ખુશીની વાત છે. આપને ડાયાબિટીસ નથી."

એ ભાઈ રિપોર્ટ લઈને ઊભા થઈ ગયા અને ખુશીમાં ઠેકડો મારીને બોલ્યા-
'ડોક્ટર સાહેબ, મને એકલાને નહિ... ◦મારા આખા પરિવારને ડાયાબિટીસ નથી...!!'◦
??

# નાનામાં નાના-છેવાડાના માનવીને વિકાસની યાત્રામાં જોડીને વિકસિત ભારતજ૨૦૪૭નો સંકલ્પ પાર પાડવા 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' સક્ષમ માધ્યમઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ



**★ગાંધીનગરના લવારપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહભાગી થયા★**

★-----------------★

**★મંત્રીશ્રીઓ-પદાધિકારીઓ તારીખ ૯ થી ૧૨ ડિસેમ્બર દરમિયાન રાજ્યના જિલ્લા-નગરો-મહાનગરોમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં જોડાશે★**

★-----------------★

**★સૌના સાથ-સૌના વિકાસ-સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી વડાપ્રધાનશ્રીએ વિકાસના નવા અવસરો દેશમાં આપ્યા છે : શ્રી ભૂપેન્દ્ર પટેલ★**

★-----------------★

**★કલ્યાણકારી યોજનાઓ બને ત્યારથી માંડીને લાભાર્થી સુધી ૧૦૦ ટકા પહોંચે તેવો સેચ્યુરેશન પોઇન્ટનો વિચાર સુશાસનથી જન સેવાનો વડાપ્રધાનશ્રીનો નવીન અભિગમ છે★**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે કે, છેવાડાના નાનામાં નાના માનવીને વિકાસની યાત્રામાં જોડીને વિકસિત ભારતજ૨૦૪૭નો વડાપ્રધાનશ્રીનો સંકલ્પ પાર પાડવામાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' સક્ષમ માધ્યમ બનશે.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ સરકારની કલ્યાણકારી યોજનાઓ જન-જન સુધી પહોંચાડવા તથા ૧૦૦ ટકા સેચ્યુરેશનનો વિચાર સાકાર કરવા તા. ૧૫મી નવેમ્બરથી દેશવ્યાપી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' શરૂ કરાવી છે.ગુજરાતભરમાં આ વિકસિત ભારત સંકલ્પ યાત્રાને જ્વલંત પ્રતિસાદ મળી રહ્યો છે અને કેન્દ્ર-રાજ્ય સરકારની યોજનાઓના લાભ સરકાર સામે ચાલીને લોકોને આપવા જાય છે જેનાથી સુશાસનથી સેવાનો સંકલ્પ ચરિતાર્થ થઈ રહ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં શનિવારે ગાંધીનગર જિલ્લાના લવારપુર ખાતેથી સહભાગી થયા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ લવારપુરમાં આ યાત્રાના સભા મંડપમાં ઉપસ્થિત ગ્રામજનોની વચ્ચે સ્વજનની જેમ પહોંચી ગયા હતા અને બાળકો, મહિલાઓ, યુવાનો તથા વડીલ વૃદ્ધો સાથે સહજ સંવાદ કર્યો હતો. તેમણે સંકલ્પ યાત્રા રથનું નિરીક્ષણ તેમજ રાજ્ય સરકારના વિવિધ વિભાગોની યોજનાલક્ષી માહિતી આપતા સ્ટોલ્સની મુલાકાત લીધી હતી.

આગામી તા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૪ સુધી યોજાનારી આ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, વિધાનસભાના ઉપાધ્યક્ષ, દંડક, નાયબ દંડક સહિતના પદાધિકારીઓ વિવિધ જિલ્લાઓમાં જોડાઈને સરકારની યોજનાઓના લાભ લાભાર્થીઓને હ ા થ ા ે હ ા થ ા પહોંચાડશે.મુખ્યમંત્રીશ્રીએ લવારપુરમાં આ યાત્રામાં જોડાયેલા ગ્રામજનોને સંબોધન કરતા કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ સેચ્યુરેશન પોઈન્ટનો એવો નવતર અભિગમ અપનાવ્યો છે કે, જનકલ્યાણ યોજના બને ત્યારથી માંડીને લાભાર્થી સુધી ૧૦૦ ટકા પહોંચે છે. જરૂરતમંદ લોકોને હવે વિલંબ વિના લાભ મળતા થયા છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, હવે સૌના સાથ - સૌના વિકાસ - સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી વડાપ્રધાનશ્રીએ જનહિતકારી અનેક યોજનાઓથી દેશમાં વિકાસના અપાર અવસરો ખોલ્યા છે. વડાપ્રધાનશ્રી દરેક યોજનાનાં કેન્?દ્રમાં નાના-ગરીબ-વંચિત અને છેવાડાના માનવીના કલ્યાણનો જ ધ્યેય રાખે છે. માસ સ્કેલની યોજનાઓ તેમની વિઝનરી લીડરશીપ અને દીર્ઘદ્રષ્ટિથી સફળતા પામી છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગામના રમતવીરોનું સન્માન તથા યોજનાના લાભાર્થીઓને પ્રતિકરૂપે વિતરણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં આ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અત્યાર સુધીમાં ૪ તાલુકાના ૫૭ ગામોમાં સંપન્ન થઈ છે. ૩૦ હજારથી વધુ ગ્રામીણ નાગરિકો તેમાં ઉત્સાહભેર જોડાયા છે તેમજ ૨૪ હજારથી વધુ લોકોએ આરોગ્ય કેમ્પનો લાભ મેળવ્યો છે. ૨૯ હજાર જેટલા લોકોએ વિકસિત ભારત માટે સંકલ્પ-પ્રતિજ્ઞા લીધી છે. એટલું જ નહીં, ડ્રોન દ્વારા દવા છંટકાવની પદ્ધતિનું નિરીક્ષણ ૧૮ ગામોમાં કરાયું છે. આયુષ્માન ભારત કાર્ડ, પ્રાકૃતિક ખેતી માટે ખેડૂતોને સમજ આપવા સહિતના વિવિધ જનહિત કાર્યક્રમો સફળતાથી પાર પડ્યા છે.

આ યાત્રા પ્રસંગે અમદાવાદના પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, ગાંધીનગર (દક્ષિણ) ના ધારાસભ્ય શ્રી અલ્પેશ ઠાકોર, ગાંધીનગર (ઉત્તર) ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, અગ્ર સચિવ શ્રી મોના ખંધાર, અધિક વિકાસ કમિશનર શ્રી ડૉ. ગૌરવ દહિયા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી શિલ્પાબેન પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી હિતેશ કોયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભી ગૌતમ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અંબાજી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે એસ.ટી નિગમ, પાલનપુર વિભાગ દ્વારા સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો

સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે અંબાજી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે એસ.ટી. નિગમ, પાલનપુર વિભાગ દ્વારા સ્વચ્છતાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સફાઈ અંગેનું સુંદર નાટક ભજવવામાં આવ્યું હતું અને ત્યાર બાદ સૌ કોઈને સફાઈનાં શપથ લેવડાવવામાં આવ્યા હતા. સ્વચ્છતા અંગે લોક જાગૃતિ માટે સફાઈ નાટિકાનો સુંદર કાર્યક્રમ અંબાજી બસ સ્ટેશન ખાતે પણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં




અંબાજી એસ.ટી ડેપો મેનેજરશ્રી રઘુવીરસિંહ, પ્રિન્સિપાલશ્રી પટેલ સાહેબ, NSS અધ્યાપકશ્રી પ્રવીણભાઈ, કોલેજનો સ્ટાફ તથા મોટી સંખ્યામાં કોલેજનાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# જૈન આચાર્ય લોકેશજીને અયોધ્યામાં રામ મંદિરનાં પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં હાજરી આપવાનું આમંત્રણ મળ્યું.

'વિશ્વ શાંતિ કેન્દ્ર' અને 'અહિંસા વિશ્વ ભારતી'નાં સ્થાપક આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત જૈન આચાર્ય લોકેશજીને ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪નાં રોજ અયોધ્યામાં આયોજિત શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં ભાગ લેવાનું આમંત્રણ મળ્યું છે, જેને તેમણે પોતાનું સૌભાગ્ય ગણીને સહર્ષ સ્વીકાર્યું છે. શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્રનાં અધિકારીઓ આમંત્રણ સાથે દિલ્હીનાં આચાર્ય લોકેશજીનાં આશ્રમ પહોંચ્યા ત્યારે જૈનાચાર્ય લોકેશજીએ પોતાના સંબોધનમાં કહ્યું કે આ ખૂબ જ સૌભાગ્યની વાત છે કે હું એ ઐતિહાસિક ક્ષણનો સાક્ષી બનીશ જ્યારે દેશના પ્રખ્યાત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અભિષેક માટે રામલલાની નવી મૂર્તિ સાથે ગર્ભગૃહમાં પહોંચશે.



આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે, સેંકડો વર્ષનાં સંઘર્ષ બાદ આ શુભ મુહૂર્તનું આગમન થયું છે, જેના કારણે દેશ-વિદેશમાં વસતા લાખો રામભક્તો અને અધ્યાત્મ પ્રેમીઓમાં આનંદની લહેર છે. તેમણે કહ્યું કે તેઓ પોતે એ સંઘર્ષનાં છેલ્લા તબક્કા દરમિયાન વિશ્વ હિન્દુ પરિષદનાં કેન્દ્રીય માર્ગદર્શક બોર્ડનાં સભ્ય તરીકે સેવા આપી હતી.

ઉલ્લેખનીય છે કે સાધુ-સંતો ઉપરાંત દેશ અને દુનિયાની પ્રતિષ્ઠિત હસ્તીઓને પણ અભિષેક સમારોહમાં આમંત્રિત કરવામાં આવી રહ્યા છે, જેમાં મુકેશ અંબાણી, અમિતાભ બચ્ચન, સચિન તેંડુલકર, વિરાટ કોહલી જેવા પ્રખ્યાત ચહેરાઓ શામેલ છે.શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રનાં મહાસચિવ શ્રી ચંપતરાયજી દ્વારા હસ્તાક્ષર કરાયેલા આમંત્રણ પત્રમાં એવો પણ અનુરોધ કરવામાં આવ્યો છે કે ઓછામાં ઓછા ત્રણ દિવસ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવે પરંતુ સુરક્ષાનાં કારણોસર ઝોલી, છત્ર, ચંવર, સિંહાસન, ખાનગી પૂજા માટે ઠાકુર અથવા ગુરુ પાદુકાને મંજૂરી આપવામાં આવશે નહીં. તેને સ્થળ પર લઈ જવાનું શક્ય રહેશે નહીં. આ આમંત્રણ પત્ર વ્યક્તિગત છે, તેથી જો સેવકો, શિષ્યો અથવા સુરક્ષા કર્મચારીઓ સાથે આવે તો તેઓએ સ્થળની બહાર જ રહેવું પડશે. સ્થળ સુધી પહોંચવા માટે ૧ કિલોમીટર ચાલીને જવું પડશે.

# પાલનપુર તાલુકાના સુરજપુરા ખેમાણા ખાતે ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકરની અધ્યક્ષતામાં "વિકસિત ભારત સંકલ્ચ યાત્રા"નું ભવ્ય સ્વાગત કરાયું

પાલનપુર તાલુકાના સુરજપુરા ખેમાણા ગામમાં ×વિકસિત ભારત સંકલ્પ યાત્રા× આવી પહોંચતા શાળાની બાળાઓ અને ગ્રામજનો દ્વારા રથના વધામણાં કરી વાજતે ગાજતે ભવ્ય સ્વાગત કરાયું હતું. પાલનપુર ધારાસભ્ય શ્રી અનિકેતભાઈ ઠાકરની અધ્યક્ષતામાં યોજાયેલ ×વિકસિત ભારત સંકલ્પ યાત્રા× સમારોહમાં ગ્રામજનોને સહાય કીટ વિતરણ, લાભાર્થીઓની સાફલ્ય ગાથા અને નાટક સહિતનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકરે જણાવ્યું કે, છેવાડાના લોકો સુધી સરકારની કલ્યાણકારી યોજનાના લાભ પહોંચે તે માટે પ્રધાનમંત્રીશ્રીએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા શરૂ કરાવી છે જેના દ્વારા ખેડૂતો, મહિલાઓ અને યુવાઓને વિવિધ યોજનાના લાભ મળી રહ્યા છે. લોકો આર્થિક રીતે પગભર બને તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અનેક હિતકારી પગલાં લેવામાં આવ્યા છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો લાભ લોકો સુધી પહોંચે એ માટે પ્રધાનમંત્રી ખુદ લાભાર્થીઓ સાથે સંવાદ કરી માહિતી મેળવી રહ્યા છે. ત્યારે આપણે સૌએ આ યાત્રા રથ થકી સો ટકા લક્ષ્યાંકના પ્રધાનમંત્રીશ્રી સંકલ્પને સાકાર કરવા સાથ આપવો જોઈએ એમ ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું.



કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય શાખા દ્વારા આયોજિત હેલ્થ કેમ્પમાં ૫૫ લોકોએ ટીબીના ૧૦ લોકોએ અને ૩ સિકલસેલના દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. કુલ ૧૪૭ લોકોએ કેમ્પનો લાભ લીધો હતો. નવા ૭ લાભાર્થીઓના આયુષ્યમાન કાર્ડ બનાવી ૩ લાભાર્થીઓને સ્થળ પર વિતરણ કરવામાં આવ્યા હતા. જ્યારે મારુ ભારતમાં ૩ સ્વયંસેવકોની નોંધણી કરવામાં આવી હતી. ઉપરાંત 'ધરતી કરે પુકાર' નાટ્ય કૃતિ દ્વારા ગ્રામજનોને પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. તેમજ ખેડૂતોને ખેતીમાં ડ્રોન ટેક્નોલોજીનું મહત્વ સમજાવવા માટે ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. કુલ ૧૪૭ લોકોએ વિકસિત ભારતના શપથ લીધા હતા.

આ પ્રસંગે મામલતદાર શ્રી શૈલેષભાઈ પ્રજાપતિ, તાલુકા વિસ્તરણ અધિકારી શ્રી રાકેશભાઈ પટેલ, તાલુકા હેલ્થ ઓફીસરશ્રી દીપકભાઈ અનાવાડિયા, પાલનપુર એ.પી.એમ.સીના વાઈસ ચેરમેનશ્રી ભગુભાઈ પટેલ, સંગઠન મહામંત્રીશ્રી ભીખુસિંહ ડાભી સહિત અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જયપુર મા સુખદેવસિંહ ગોગામેડી હત્યાકાંડને લઈ

# અંબાજીમા સર્વ સમાજ ના લોકોદ્વારા હત્યારાઓ ને ફાંસીની સજા થાય તે માટે વિરોધ દર્શાવ્યો




જયપુર ખાતે ૫ ડિસેમ્બરના રોજ કરણી સેનાના રાષ્ટ્રીય પ્રમુખ સુખદેવસિંહ ગોગામેડી ની હત્યાનો મામલો રાજસ્થાન બહાર ગુજરાત સુધી પહોચ્યો છે ત્યારે શકિતપીઠ અંબાજી ખાતે સર્વ સમાજ દ્વારા સુખદેવસિંહ ગોગામેડી હત્યાકાંડ ને લઈ સર્કલ ઓફિસર અને અંબાજી પોલીસ ઈન્સ્પેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ.અંબાજી ના તમામ બજારો વહેલી સવારથી સ્વયંમભૂ બંધ જોવા મળ્યા હતા અને સર્વ સમાજ દ્વારા રેલી સ્વરૂપે જોડાઈ ૫૧ શકિતપીઠ થી રેલી સ્વરૂપે અંબાજી બજારમાં નીકળી હતી.કરણી સેનાના નેતાના હત્યારાઓને પકડી પાડી આકરી સજા મળે તેવી સર્વે સમાજ ની માંગ રેલી મા સાંભળવા મળી હતી.સર્વ સમાજ ની સાથે રહેતા કરણી સેનાના પ્રમુખ નેતા એવા સુખદેવ સિંહ ગોગામેડી ને તેમના ઘર માં ઘુસી ગોળિ મારી હત્યા કરનાર ૪ આરોપીઓ પૈકી ૨ હજુ પણ ફરાર હોઈ તેમને પકડી પાડવા પોલીસ તંત્ર દ્વારા ચક્રો ગતિમાન કર્યા છે.૫૧ શકિતપીઠ સર્કલ ખાતે સુખદેવસિંહ ની તસ્વીર પર શ્રદ્ધાંજલિ અર્પણ કર્યા બાદ મોટી સંખ્યામાં રેલી નીકળી હતી અને ત્યારબાદ આ રેલી સર્કલ ઓફિસ પર પહોંચી હતી અને સર્કલ ઓફિસર ને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને ત્યારબાદ રેલી અંબાજી પોલીસ સ્ટેશનમાં પહોંચી હતી અને ત્યારબાદ અંબાજી પીઆઈને સર્વ સમાજ ના આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ. રેલીમાં લોરેન્સ બીસનોઈ હાયહાયના નારા સાંભળવા મળ્યા હતા.

# ચાણસ્મા પંથકમાં વધુ એક અકસ્માત. જસલપુર વડાવલી વચ્ચે ટ્રેલરે બાઇકને ટક્કર મારતા બાઇક ચાલકનું ઘટના સ્થળે કમ કમાટી ભર્યું મોત

ચાણસ્મા પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી અકસ્માતોની વણથંભી વણઝાર સર્જાઇ રહી છે ત્યારે વધુ એક અકસ્માત આજરોજ ચાણસ્મા તાલુકાના જસલપુર નજીક બનવા પામ્યો હતો જેમાં બાઈક ચાલકનું ઘટના સ્થળે જ કમ કમાટી ભર્યું મોત નીપજવા પામ્યું હતું ઘટનાની જાણ આજુબાજુના લોકોને થતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા મૃતક યુવાનની લાશને પીએમ અર્થે ચાણસ્મા રેફરલ ખાતે ખસેડવામાં આવી હતી તેમજ વધુ તપાસ ચાણસ્મા પોલીસે હાથ ધરી હોવાનું સામે આવ્યું હતું

આજરોજ સવારના ૧૦ વાગ્યાના સુમારે વડાવલી તરફથી બાઈક ચાલક સથવારા મિહિર પોતાનું બાઈક લઈને ચાણસ્મા તરફ આવી રહ્યો હતો તે દરમિયાન સામેથી આવી રહેલ ટેલર ચાલકે પોતાના ટેલરથી બાઈકને ટક્કર મારતા બાઈક ચાલકનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજવા પામ્યું હતું બનાવ બનતા ની સાથે ટેલર ચાલક દ્વારા પોતાનું ટેલર લઈ ફરાર થઈ જવા પામ્યો હતો જેની જાણ આજુબાજુના લોકોને થતા ૧૦૮ નો સંપર્ક કરતા ૧૦૮ દ્વારા ઘટના સ્થળે પહોંચી યુવાનીની લાશને ચાણસ્મા રેફરલ ખાતે પીએમ માટે લઈ જવાઈ હતી ઘટનાની જાણ ચાણસ્મા પોલીસને થતા અજાણ્યા ટ્રેલર ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી

નિખિલ જોષીઃ પાટણ જિલ્લા બ્યુરોચીફ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.